


Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૩૭ | ફેબ્રુઆરી- ૨૦૨૬

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકારિતા મંત્રીઓ સાથે 'મંથન બેઠક' કરી

## ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે લીધી બનાસ ડેરીની પ્રેરણાદાયી મુલાકાત

## સહકારના શિખર અને પશુપાલકોના તારણહાર: સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ



# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકારિતા મંત્રીઓ સાથે 'મંથન બેઠક' કરી

**મોદી સરકાર વૈજ્ઞાનિક રીતે દેશના સહકારિતા ક્ષેત્રને આગળ વધારી રહી છે, જેના સકારાત્મક પરિણામો હવે દેખાઈ રહ્યા છે.**

**'મંથન બેઠક'નો ઉદ્દેશ્ય 2047માં ભારતને પૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવામાં સહકારિતાની ભૂમિકાને વધુ વિસ્તારવાનો છે.**

**માત્ર અર્થતંત્રના આંકડા એ પૂર્ણ વિકસિત દેશની કલ્પના નથી, પૂર્ણ વિકસિત ભારતનો અર્થ એ છે કે 140 કરોડ લોકો સન્માન સાથે જીવી શકે તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવું.**

**રાજ્યોએ અન્ન સંગ્રહ (સ્ટોરેજ), સર્ક્યુલારિટી અને 'કોઓપરેશન અમંગ્સ કોઓપરેટિવ્સ' (સહકારિતામાં સહકાર) પર ભાર મૂકવો જોઈએ.**

**ઉત્પાદનની સરખામણીમાં દેશમાં અનાજ સંગ્રહની ક્ષમતા આગામી દિવસોમાં ત્રણ ગણી વધારવાની જરૂર છે, જેમાંથી 2 ગણી ક્ષમતા સહકારિતા ક્ષેત્રે ઊભી કરવી જોઈએ.**

**સમગ્ર દેશમાં સર્વસ્પર્શી સંગ્રહની વ્યવસ્થા માત્ર સહકારિતા ક્ષેત્ર જ કરી શકે છે.**




કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં 'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકારિતા મંત્રીઓ સાથે 'મંથન બેઠક'ની અધ્યક્ષતા કરી હતી. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આ બેઠકમાં ઇથેનોલ, એનર્જી, જૈવિક પોટાશ, વેરહાઉસ અને પ્રોટીન પાવડર પ્લાન્ટ સંબંધિત રૂ.265 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. આ સાથે જ, તેમણે પ્રદર્શનનું અવલોકન કર્યું અને સહકારિતાની 'બેસ્ટ પ્રેક્ટિસીસ' તેમજ આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ પરના અહેવાલનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સહકારિતા રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણપાલ ગુર્જર, શ્રી મુરલીધર મોહોલ અને સહકારિતા મંત્રાલયના સચિવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં દેશ આજે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યો છે અને આગામી પચીસ વર્ષ સુધી વિશ્વના અર્થતંત્રની દિશા નિર્ધારિત કરનારા ક્ષેત્રોમાં આપણે આજે એક પાયોનિયર (અગ્રેસર) તરીકે કાર્ય કરી રહ્યા છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મંથન બેઠકનું આયોજન એટલા માટે કરવામાં આવ્યું છે કારણ કે આપણે વર્ષ 2047 સુધીમાં ભારતને એક પૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા માંગીએ છીએ. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે પૂર્ણ વિકસિત ભારતનો સાચો અર્થ એ છે કે દેશના 140 કરોડ લોકો સન્માન સાથે જીવી શકે તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવું, અને ભારતના દરેક પરિવાર તથા દરેક વ્યક્તિને આ સન્માનજનક જીવન પૂરું પાડવાનું માધ્યમ માત્ર ને માત્ર સહકારિતા જ બની શકે છે.





કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે જ્યાં સુધી આપણે કૃષિ, ગ્રામીણ વિકાસ અને પશુપાલન ક્ષેત્રોને મજબૂત નહીં કરીએ ત્યાં સુધી દેશનો સર્વાંગી વિકાસ શક્ય નથી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આપણે સૌએ પૂરા મનોયોગ સાથે આ પ્રયાસને સફળ બનાવવાની દિશામાં કામ કરવું જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું કે આપણે વિજ્ઞાનિક અભિગમ અપનાવીને છેલ્લા ચાર વર્ષથી દેશના સહકારિતા ક્ષેત્રને આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે અને હવે તેના સકારાત્મક પરિણામો પણ દેખાવા લાગ્યા છે.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ સહકારિતાની સ્વીકૃતિ વધારવા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, અન્ન સંગ્રહની વ્યવસ્થાને આગામી દિવસોમાં લગભગ ત્રણ ગણી વધારવાની જરૂર છે, જેમાંથી બે ગણી વ્યવસ્થા સહકારિતા ક્ષેત્રે કરવી જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ જવાબદારી માત્ર PACS પર ન છોડવી જોઈએ, પરંતુ તાલુકાની સહકારી ડેરીઓ, રાજ્ય કક્ષાના માર્કેટિંગ ફેડરેશનો, જિલ્લા સહકારી બેંકો દ્વારા ફાઇનાન્સ કરાવીને અને જિલ્લા વેચાણ-ખરીદ સંઘોએ પણ મોટા ગોદામો બનાવવા જોઈએ. તેમણે આ બાબતના બીજા પાસા રજૂ કરતા કહ્યું કે આપણું 70 ટકા અનાજ ઉત્તર ભારત—પંજાબ અને હરિયાણામાં ખરીદાય છે. મારું માનવું છે કે જો જે-તે સ્થળેથી જ અનાજની ખરીદી થાય, ત્યાં જ સંગ્રહ થાય અને ત્યાંથી જ તેનું વિતરણ કરવામાં આવે, તો આપણે પરિવહન ખર્ચમાં ઓછામાં ઓછો 30-40 ટકાનો બચાવ કરી શકીએ છીએ. આથી, સમગ્ર દેશમાં સંગ્રહની વ્યવસ્થા સુનિયોજિત, સંરેખિત અને સર્વસ્પર્શી હોવી અત્યંત આવશ્યક છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તમામ રાજ્યોએ બંધ પડેલી ખાંડ મિલોને ફરી શરૂ કરવા માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. તેમણે માહિતી આપી હતી કે હાલમાં અમે રાષ્ટ્રીય સ્તરે એક કોઓપરેટિવ (સહકારી સંસ્થા) બનાવી છે, જે ખાંડ મિલોની આર્થિક સ્થિતિ સારી નથી ત્યાં ખાતર બનાવવાની અને ગેસ ઉત્પાદન કરવાની પ્રક્રિયાઓ પૂર્ણ કરશે. તેમણે ઉમેર્યું કે આગામી દિવસોમાં ખાંડ મિલોમાંથી અલગ-અલગ પ્રકારના અગિયાર ઉત્પાદનો બનાવી શકાય તેવા સફળ પ્રયોગો થઈ ચૂક્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે હું માર્ચના પ્રથમ સપ્તાહમાં આ કાર્યરચનાને અંતિમ સ્વરૂપ આપવાનો છું અને જે ખાંડ મિલો અત્યારે માત્ર ખાંડ બનાવી રહી છે, ત્યાં અમારી રાષ્ટ્રીય સ્તરની કોઓપરેટિવ બાકીના તમામ આનુષંગિક એકમો (એટેચમેન્ટ) જોડી દેશે, જે માટે રાજ્યોએ પણ પોતાની નીતિઓમાં બદલાવ લાવવો પડશે.



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ વધુમાં સૂચન કર્યું હતું કે દરેક રાજ્યે પોતાના ડેરી વિભાગ અને સહકારિતા વિભાગની ટીમોને બનાસકાંઠા ડેરીના નિરીક્ષણ માટે મોકલવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બનાસકાંઠા ડેરીએ અનેકવિધ પ્રકારના નવતર કાર્યો કર્યા છે, જેનાથી તમામ રાજ્યોને ઘણું બધું શીખવા મળશે.

'સહકારિતામાં સહકાર' પર ભાર મૂકતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, તમામ સહકારી સંસ્થાઓના બેંક ખાતા જિલ્લા સહકારી બેંકોમાં જ હોવા જોઈએ. તેમણે માહિતી આપી હતી કે ભારત સરકારે નિર્ણય લીધો છે કે ભારત સરકારની તમામ યોજનાઓમાં કોઓપરેટિવ બેંકોને નોડલ એજન્સી બનાવી શકાય છે. આ સંદર્ભે તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારોએ એવા પ્રયાસો કરવા જોઈએ કે જેથી પ્રધાનમંત્રી કિસાન કલ્યાણ યોજનાના નાણાં, વૃદ્ધ પેન્શનના નાણાં અને અન્ય તમામ સરકારી યોજનાઓના નાણાં સીધા આ બેંકો મારફતે જમા થાય; હવે આપણે તમામ યોજનાઓને આની અંતર્ગત લાવી શકીએ છીએ.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં છૂટક મજૂરી કરનારા લોકો, સુથાર, પ્લમ્બર અને ઇલેક્ટ્રિશિયન જેવા વર્ગો, જેમનું અત્યાર સુધી શોષણ થતું આવ્યું છે, તેમની પણ સહકારી મંડળીઓ બનાવવામાં આવશે જેથી તેમને સન્માનજનક રકમ મળી શકે. આપણે આવા અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છીએ અને આવનારા સમયમાં દેશની 40 ટકાથી વધુ વસ્તી સહકારિતા સાથે જોડાઈ જશે.










કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 'ભારત ટેક્સી' સેવા આગામી કેટલાક વર્ષોમાં દરેક મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી પહોંચી જશે. અત્યાર સુધીમાં 3 લાખથી વધુ ચાલકો આની સાથે જોડાઈ ચૂક્યા છે, જેનાથી ચાલકો અને મુસાફરો એમ બંનેને મોટો લાભ મળવાનો છે.

આ પહેલાં 'મંથન બેઠક'માં વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા સહકારિતા સાથે જોડાયેલા વિવિધ વિષયો પર કરવામાં આવેલી પહેલની પ્રગતિ, સિદ્ધિઓ અને ભવિષ્યની કાર્યયોજનાનું અવલોકન તથા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તુતિઓમાં ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવા માટે 2 લાખ નવી બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (PACS), ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ 'મંથન બેઠક'માં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અંતર્ગત દેશભરમાં આધુનિક ગોદામોના નેટવર્ક વિસ્તરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી ખેડૂતોને વધુ સારું સંગ્રહસ્થાન, ભાવ સ્થિરતા અને બજાર સુધી સરળ પહોંચ સુનિશ્ચિત થઈ શકે.

મંથન બેઠકમાં રાષ્ટ્રીય સ્તરની નવી સહકારી સંસ્થાઓ — નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL), નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ (NCOL) અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) માં રાજ્યોની સક્રિય ભાગીદારી તથા નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રમાં સહકારિતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાજ્યોના સહકારિતા કાયદાઓમાં સમયાનુકૂળ સુધારા, 97મા બંધારણીય સુધારા મુજબ મોડેલ એક્ટ અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહારક્ષમતા અને નફો વધારવા, ડેરી ક્ષેત્રમાં સર્ક્યુલારિટી અને સસ્ટેનેબિલિટીને પ્રોત્સાહન આપવા, તેમજ અમૂલ અને NDDBના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના જેવા વિષયો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં કઠોળ અને મકાઈના ઉત્પાદનને વેગ આપવા, સહકારી બેંકો સાથે જોડાયેલા પડકારોના ઉકેલ, કોમન સર્વિસ યુનિટ (SSE) અને અમ્બ્રેલા સ્ટ્રક્ચરને મજબૂત કરવા, સભ્યપદના વિસ્તરણ અને જાગૃતિ અભિયાનને સુદ્રઢ બનાવવા તેમજ પ્રભાવી મીડિયા-સંચાર વ્યૂહરચના વિકસાવવા જેવા વિષયો પર વિગતવાર પ્રસ્તુતિ અને ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, PACS અને RCS કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ, તાલીમ અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ની યોજનાઓના બહેતર અમલીકરણ અંગે રાજ્યો પાસેથી અપેક્ષાઓ વ્યક્ત કરવામાં આવી હતી.



# ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે લીધી બનાસ ડેરીની પ્રેરણાદાયી મુલાકાત

બનાસકાંઠાની જીવાદોરી સમાન અને એશિયાની સૌથી મોટી ડેરીઓમાં જેની ગણના થાય છે તેવી બનાસ ડેરીના આંગણે તાજેતરમાં એક ઐતિહાસિક મુલાકાત યોજાઈ ગઈ. 'સહકારથી સમૃદ્ધિ' અભિયાન અંતર્ગત ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલજી તથા વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સલરશ્રીઓએ બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. આ ગૌરવવંતી મુલાકાત પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ પરિવાર વતી તમામ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત માત્ર એક પ્રવાસ નહીં, પરંતુ પશુપાલન અને સહકારી ક્ષેત્રમાં થયેલી ક્રાંતિને નિહાળવાનો અને તેના અનુભવોને અન્ય રાજ્યો સુધી પહોંચાડવાનો એક સેતુ બની રહી હતી.

**ટેકનોલોજી અને પશુપાલન ક્ષેત્રે નવા આયામો સર કરવા માટે કરાયા મહત્વના MoU**

**પશુપાલક બહેનો સાથે રાજ્યપાલશ્રીએ સીધો અને આત્મીય સંવાદ**

**વાઈસ ચાન્સલરશ્રીઓની હાજરીમાં શિક્ષણ અને પશુપાલનને જોડીને યુવાનોને આત્મનિર્ભર બનાવવા પર ભાર મુકાયો**





## આધુનિક પ્રકલ્પોનું નિરીક્ષણ અને આધ્યાત્મિક શરૂઆત

મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવાસની શરૂઆત બનાસ ડેરી કેમ્પસમાં સ્થિત દુધેશ્વર મહાદેવના દર્શન સાથે થઈ હતી. ત્યારબાદ, ડેરીના બોર્ડ રૂમમાં બનાસ ડેરીની પાયાની કામગીરી, દાયકાઓનો વિકાસ અને સહકારી માળખાની અદભૂત સફળતા અંગેનું પ્રેઝન્ટેશન નિહાળીને તેઓ પ્રભાવિત થયા હતા. તેમણે ચીઝ પ્લાન્ટ, યુએચટી પ્લાન્ટ અને વ્હે પ્રોટીન પ્લાન્ટની મુલાકાત લઈ વૈશ્વિક સ્તરની ઉત્પાદન પ્રક્રિયાની ઝીણવટભરી માહિતી મેળવી હતી. બપોર બાદ બાદરપુરા ખાતે બનાસ ફૂડ ઝોન, ઓઈલ મિલ, હની પ્લાન્ટ અને પોટેટો ટિશ્યુ કલ્ચર લેબ જેવી અત્યાધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી, કૃષિ અને પશુપાલનના સુમેળને બિરદાવ્યો હતો.

## મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાનું મોડેલ

આ પ્રસંગે રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, બનાસ ડેરીનું સહકારી મોડેલ આજે સમગ્ર દેશ માટે ગૌરવ સમાન છે. તેમણે વિશેષ નોંધ લીધી હતી કે, આ સંસ્થાએ માત્ર દૂધ ઉત્પાદન જ નહીં, પરંતુ મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્થાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. લાખો મહિલાઓ આજે દૂધ અને ગોબર આધારિત આવકથી આત્મનિર્ભર બની રહી છે તે જોઈને તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે આહ્વાન કર્યું હતું કે, બનાસની આ સફળતામાંથી પ્રેરણા લઈ ઉત્તર પ્રદેશમાં પણ યુવા વર્ગને શ્વેત ક્રાંતિ સાથે જોડી આત્મનિર્ભર બનાવવામાં આવે.

## વિકસિત ભારત @૨૦૪૭ અને શિક્ષણનો સમન્વય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે રાજ્યપાલશ્રીએ યુવા શક્તિ પર ભાર મૂક્યો હતો. તેમણે સાથે આવેલા વાઈસ ચાન્સલરશ્રીઓને અનુરોધ કર્યો કે યુનિવર્સિટીઓએ માત્ર પુસ્તકીયું જ્ઞાન નહીં, પણ સ્વચ્છતા, વૃક્ષારોપણ અને 'દેશ પ્રથમ'ની ભાવના સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ. બનાસ ડેરી દ્વારા સંચાલિત મેડિકલ કોલેજ, સોઈલ હેલ્થ લેબ અને સાણાદર પ્લાન્ટ ખાતેના આઈસ્ક્રીમ-ચોકલેટ વિભાગોની મુલાકાત દરમિયાન તેમણે ખેડૂતો અને વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજીના ઉપયોગને આવશ્યક ગણાવ્યો હતો.

## બનાસ ડેરી અને ઉત્તર પ્રદેશની કૃષિ યુનિવર્સિટીઓ વચ્ચે પશુપાલન ક્ષેત્રે ઐતિહાસિક સમજૂતી

બનાસ ડેરી અને ઉત્તર પ્રદેશની પાંચ અગ્રણી કૃષિ યુનિવર્સિટીઓ વચ્ચે એક ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બનાસ ડેરી, સણાદર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ અને બનાસ ડેરીના ચેરમેન તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.



આ મહત્વપૂર્ણ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય 'આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી' (ART) ને વ્યાપક સ્તરે પ્રોત્સાહન આપવાનો છે, જેથી સાહીવાલ, ગીર અને ખાસ કરીને ગંગાતીરી ગાયોના આનુવંશિક સુધારણા દ્વારા દૂધ ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં વધારો કરી શકાય. આ સમજૂતી અંતર્ગત 'એમ્બ્રીયો ટ્રાન્સફર' (ભ્રૂણ પ્રત્યારોપણ) ટેકનોલોજીના માધ્યમથી શુદ્ધ ગંગાતીરી નસલના સંરક્ષણ અને સંવર્ધન પર વિશેષ ભાર મૂકવામાં આવશે, જે પશુપાલન ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે.

આ સહયોગ માત્ર ટેકનિકલ સુધારણા પૂરતો મર્યાદિત ન રહેતા, શૈક્ષણિક જ્ઞાન અને ડેરી ઉદ્યોગ વચ્ચેના અંતરને પૂરવાનું કામ પણ કરશે. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ ઈન્ટર્નશિપ અને બિઝનેસ ઈન્ક્યુબેશનના માધ્યમથી ઉદ્યમિતા વિકાસ ની નવી તકો પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, શૈક્ષણિક સંશોધન અને વિસ્તરણ માટે સંયુક્ત અભ્યાસ, વર્કશોપ અને તકનીકી કુશળતાના આદાનપ્રદાન માટે એક સુદ્રઢ માળખું તૈયાર કરાયું છે. પશુઓના ઉત્તમ પોષણ માટે આલ્ફાલ્ફા અને મકાઈ જેવા અદ્યતન ઘાસચારાના બીજ વિકસાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. બનાસ ડેરી જરૂરિયાત મુજબ કેમ્પસ હાયરિંગ દ્વારા યુનિવર્સિટીની પ્રતિભાઓને સીધી જ ડેરી ઉદ્યોગ સાથે જોડશે, જેનાથી ઉત્તર પ્રદેશમાં એક ટકાઉ ડેરી ઈકોસિસ્ટમ તૈયાર થશે જે રાજ્યભરના ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરશે.

### આંકડાકીય સિદ્ધિઓ અને ભવિષ્યની રાહ

બનાસ ડેરીની વિકાસયાત્રા વિસ્મયકારક છે. ૫.૫૦ લાખ પશુપાલકોના પરિશ્રમથી આજે દરરોજ ૧ કરોડ લિટરથી વધુ દૂધનું સંપાદન થાય છે. છેલ્લા ૧૦ વર્ષમાં ડેરીનું ટર્નઓવર ૪,૦૦૦ કરોડથી વધીને ૨૧,૫૦૦ કરોડ સુધી પહોંચ્યું છે, જે તેની પારદર્શક વહીવટ પ્રણાલીનો પુરાવો છે. અંતમાં, બનાસ એફ.એમ. રેડિયો ૯૦.૪ ના માધ્યમથી રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રેરણાદાયી સંદેશ આપી, બનાસની આ અવિરત સેવાયાત્રાને નવી ઊંચાઈઓ સર કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### બનાસની નારીશક્તિ સાથે સંવાદ

બનાસ સંકુલ, સણાદર ખાતે જ્યારે ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ પશુપાલક મહિલાઓ વચ્ચે પહોંચ્યા, ત્યારે વાતાવરણમાં એક અનેરો ઉત્સાહ અને આત્મીયતા જોવા મળી હતી. રાજ્યપાલશ્રીએ બનાસની ખરી તાકાત ગણાતી આ મહિલાઓ સાથે કોઈ ઔપચારિક પ્રોટોકોલ વિના, એક વડીલની જેમ સીધો સંવાદ સાધ્યો હતો.



આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ પશુપાલક બહેનો પાસેથી તેમની સંઘર્ષ અને સફળતાની વાતો ખૂબ જ રસપૂર્વક સાંભળી હતી. કઈ રીતે દૂધ વ્યવસાય દ્વારા સામાન્ય ગૃહિણીઓ આજે લાખો રૂપિયાની આવક મેળવતી ઉદ્યોગસાહસિક બની છે, તે જાણીને આનંદીબેન અભિભૂત થયા હતા. પશુપાલક બહેનોએ ગર્વભેર જણાવ્યું કે, બનાસ ડેરીના સાથને કારણે આજે તેઓ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી રહી છે અને ઘરના આર્થિક નિર્ણયોમાં પણ સમાન ભાગીદાર બની છે.

મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે બહેનોના જુસ્સાને બિરદાવતા જણાવ્યું હતું કે, "તમારી મહેનત જ આ શ્વેત ક્રાંતિનો પાયો છે." તેમણે મહિલાઓને પશુપાલનની સાથે સાથે કુદરતી ખેતી અને ગોબર ગેસ જેવા નવા આયામો અપનાવી 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાની શીખ આપી હતી. રાજ્યપાલશ્રીના પ્રેરણાદાયી શબ્દોએ પશુપાલક બહેનોમાં નવો આત્મવિશ્વાસ ફૂંક્યો હતો.

આ સંવાદ માત્ર વ્યવસાયિક ચર્ચા પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ તેમાં એક ભાવનાત્મક જોડાણ પણ જોવા મળ્યું. રાજ્યપાલશ્રીએ મહિલા સશક્તિકરણના ઉદાહરણ તરીકે બનાસ ડેરીના મોડેલને દેશભરમાં શ્રેષ્ઠ ગણાવ્યું હતું. મહિલાઓએ પણ પોતાની સફળતા પાછળ બનાસ ડેરીના માળખા અને શંકરભાઈ ચૌધરીના વિઝનનો આભાર વ્યક્ત કર્યો હતો.



## કૃષિ-પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલસ્ટોન અમૂલ એ.આઈ.નું લોંન્ચીંગ

### સરકાર-સહકાર અને ટેક્નોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી

### ડેરી ઈકો સિસ્ટમને સંગીન કરવા 20 હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે કેન્દ્રીય બજેટમાં વિશેષ ફંડની જોગવાઈ

### વૈશ્વિક ટ્રેડ ડિલથી દેશના ડેરી સેક્ટરને લાભ – ભારત વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપભેર આગળ વધશે

> “
> **Amul AI: સહકારને સ્માર્ટ બનાવતી નવિન ક્રાંતિનો પ્રારંભ**
> ”

આણંદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમૂલની અત્યાધુનિક ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’-Amul AI પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ સહિત સહકારી ક્ષેત્રના અનેક દિગ્ગજો હાજર રહ્યા હતા. અમૂલની આ ડિજિટલ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય પશુપાલક બહેનોને સશક્ત બનાવવાનો છે, જેના દ્વારા તેઓ હવે માતૃભાષા ગુજરાતીમાં પશુઓના આરોગ્ય, આહાર, રસીકરણ અને સંવર્ધન જેવી પાયાની બાબતોનું સચોટ માર્ગદર્શન મેળવી શકશે. આ ઉપરાંત, પશુપાલનને લગતી વિવિધ સરકારી યોજનાઓ અને સબસિડીની વિગતો પણ આ ટેક્નોલોજી દ્વારા આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે, જે 'સહકાર સે સમૃદ્ધિ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવશે.

આ પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારત-અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપાર કરાર તથા કેન્દ્રીય બજેટ 2026-27માં સહકાર અને ડેરી સેક્ટરના મજબૂતીકરણને પ્રાથમિકતા આપવા સહિતની વિવિધ જનહિતકારી નીતિઓ બદલ ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી આવેલી અમૂલની સભાસદ બહેનો દ્વારા મુખ્યમંત્રીશ્રીને એક વિશાળ રાખડી અર્પણ કરી માનનીય વડાપ્રધાનશ્રી પ્રત્યે આભાર સહ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ ખાતે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જતા 'અમૂલ એ.આઈ.' (Amul AI) નું ગૌરવભેર લોકાર્પણ કર્યું હતું. તેમણે આ પ્રસંગે મક્કમતાપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવાન નેતૃત્વમાં આ પહેલ કૃષિ, પશુપાલન અને ડેરી ઉદ્યોગને વધુ આધુનિક તેમજ આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ 'માઈલ સ્ટોન' સાબિત થશે.











રાજ્યના ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ફેલાયેલી અને ૩૬ લાખ જેટલા દૂધ ઉત્પાદકોની શક્તિ ધરાવતી વિશ્વની અગ્રણી સહકારી સંસ્થા અમૂલ દ્વારા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. ખેડૂતોને સીધા ટેકનોલોજી સાથે જોડીને સહકાર ક્ષેત્રને 'સ્માર્ટ' બનાવતી આ અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ આણંદની પવિત્ર ભૂમિ પરથી કરવામાં આવ્યો હતો, જે આગામી સમયમાં ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ ભારતે છેલ્લા ૧૧ વર્ષમાં ટેકનોલોજીના સહારે હાંસલ કરેલી અભૂતપૂર્વ આર્થિક પ્રગતિની સરાહના કરી છે. તેમણે જણાવ્યું કે, જે રીતે દેશમાં UPI અને ડિજિટલ પેમેન્ટની સફળતાએ નાના વેપારીઓ અને ગ્રામીણ જનતાના જીવનમાં પરિવર્તન આણ્યું છે, તેવી જ રીતે હવે સરકાર, સહકાર અને ટેકનોલોજીના ત્રિવેણી સંગમ સાથે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) વિકાસની ગતિને નવી ઊંચાઈએ લઈ જશે. મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય બજેટમાં દૂધ ઉત્પાદકો માટે કરવામાં આવેલી વિશેષ જોગવાઈઓ અને ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવાના નિર્ણયને ડેરી ઈકો-સિસ્ટમ માટે ક્રાંતિકારી ગણાવ્યો હતો.



વિશેષ કરીને અમૂલની ભૂમિકા અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, અમૂલે પોતાની આધુનિક IT સિસ્ટમ અને પશુપાલકોના ડેટાબેઝને AI સાથે ઈન્ટિગ્રેટ કરીને 'એડવાન્ટેજ ઈન્ડિયા' માટે મજબૂત પાયો નાખ્યો છે. વડાપ્રધાનશ્રીના કુશળ વિઝનને કારણે આંતરરાષ્ટ્રીય ટ્રેડ ડિલમાં ડેરી પ્રોડક્ટ્સની ઇમ્પોર્ટને બાકાત રાખવાથી દેશના ૧૦ કરોડથી વધુ નાના ખેડૂતોનું હિત સુરક્ષિત થયું છે. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સ્વદેશી ટેકનોલોજી અને અમૂલ AI જેવી પહેલો પાયાનો પથ્થર સાબિત થશે, જેનાથી ભારત વિશ્વની ડેરી બનવા તરફ તેજ ગતિએ આગળ વધશે. એટલું જ નહીં, ડેરી ઈકો સિસ્ટમને મજબૂત કરવા 20 હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે વિશેષ ફંડની પણ કેન્દ્રીય બજેટમાં જોગવાઈ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, અમૂલે ડિજિટલ ક્રાંતિના માધ્યમથી નવીનતમ ટેકનોલોજી અપનાવી પશુપાલકો અને દૂધ ઉત્પાદકોની આવક વધારવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. પોતાની સુવિકસિત આઈ.ટી. સિસ્ટમ અને સભાસદોના ડેટાબેઝને ઈન્ટિગ્રેટ કરીને અમૂલ હવે 'એ.આઈ.' (AI) દ્વારા 'એડવાન્ટેજ ઈન્ડિયા' માટે સંપૂર્ણ સજ્જ બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે વરદાન સાબિત થશે, કારણ કે આ ડીલમાં ડેરી પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના ઐતિહાસિક નિર્ણયથી દેશના ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ ટ્રેડ ડિલના પરિણામે ભારતનું ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને ખૂબ જ ઝડપથી 'વિશ્વની ડેરી' બનવા તરફ આગળ વધશે. તેમણે 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્યને સાકાર કરવા માટે સ્વદેશી અને આત્મનિર્ભર ટેકનોલોજી દ્વારા ગ્લોબલ સોલ્યુશન આપવાની દિશામાં 'અમૂલ એ.આઈ.' ને એક મક્કમ પગલું ગણાવ્યું હતું. નવી ટેકનોલોજી અને ઇનોવેશન આગામી સમયમાં અર્થતંત્રના મુખ્ય ચાલક બળ બનશે, જેમાં ગ્રામ્ય અર્થતંત્ર, કૃષિ અને પશુપાલન સાથે સહકાર ક્ષેત્ર દેશનું નેતૃત્વ કરશે તેવો મક્કમ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આણંદની ભૂમિ શ્વેતક્રાંતિના પ્રણેતા ત્રિભુવનદાસ પટેલની જન્મભૂમિ અને કર્મભૂમિ રહી છે, તેમજ ડો. કુરિયનની પણ કર્મભૂમિ રહી છે. આજે હજારો પશુપાલકોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે.

અમૂલ દ્વારા લોન્ચ કરવામાં આવેલી નવી 'સરલા' એપને એક મોટી ક્રાંતિ ગણાવતા તેમણે કહ્યું હતુ કે, અમૂલે વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, SNF અને દૈનિક હિસાબ મોબાઈલ એપ પર આપવાની વ્યવસ્થા કરી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસિત દેશો દ્વારા ભારતમાં દૂધ અને ડેરી પ્રોડક્ટ્સ ઘુસાડવા માટે ભારે દબાણ કરવામાં આવતું હતું. જો બહારનું દૂધ ભારતમાં આવત તો દેશના કરોડો પશુપાલકોને અસર થાત. પરંતુ, વડાપ્રધાનશ્રીએ આંતરરાષ્ટ્રીય રાજનીતિ સામે 'ચટ્ટાન' બનીને ઊભા રહીને ભારતીય પશુપાલકોના હિતનું રક્ષણ કર્યું છે અને દૂધને મુક્ત વ્યાપારના કરારો માંથી બહાર રાખ્યું છે.

આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આ ઘટનાને એક 'ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુપાલન અને ડેરી ક્ષેત્ર માટે જે વિશેષ પ્રયાસો કર્યા છે, તેને પરિણામે જ આજે ગુજરાત આ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે અમૂલની આ AI એપ્લિકેશન વિશ્વની સૌથી મોટી એપ્લિકેશન બનવા જઈ રહી છે, જે ડિજિટલ યુગમાં ગુજરાતની એક અનેરી સિદ્ધિ છે. જે રીતે લોકોએ યુપીઆઈ (UPI) અને સ્માર્ટફોન અપનાવ્યા છે, તેવી જ રીતે આ AI ટેકનોલોજી પણ પશુપાલકોના જીવનનો ભાગ બની જશે.




સહકાર ક્ષેત્ર વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, પશુપાલન એ માત્ર વ્યવસાય નથી પરંતુ ગ્રામીણ સમૃદ્ધિનો આધારસ્તંભ છે. વડાપ્રધાનશ્રીએ અલગ 'સહકારિતા મંત્રાલય' બનાવીને અને તેનો કાર્યભાર શ્રી અમિતભાઈ શાહને સોંપીને આ ક્ષેત્રમાં મોટા સુધારા કર્યા છે. તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો કે, આજે 94% જેટલી રકમ સીધી જ પશુપાલક બહેનોના બેંક ખાતામાં જમા થાય છે, જે આર્થિક સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ છે.



કાર્યક્રમના પ્રારંભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રીમોટ દ્વારા 'અમૂલ એઆઈ' - Amul AI ડિજિટલ પ્લેટફોર્મનું લોકાર્પણ કર્યું હતુ. ત્યારબાદ ઉપસ્થિત સર્વેએ અમુલ AI ની ટુંકી ફિલ્મ નિહાળી હતી.



અમુલ ખાતે મુખ્યમંત્રીશ્રીનું આગમન થતા અમૂલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં અમૂલના ચેરમેનશ્રીએ સૌનું સ્વાગત કરી અમુલ AI વિશે જાણકારી આપી હતી. આ તકે અમૂલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયન મહેતાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતુ. અમુલ AI એપ બનાવનાર ડો. શંકરે એપ વિશે વિસ્તૃતમાં વાત કરી હતી. કાર્યક્રમના અંતે અમૂલના વાઇસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયાએ સૌના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.








# ગુજરાત સરકાર - અંદાજપત્ર ૨૦૨૬-૨૭

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૨૪,૦૨૨ કરોડની જોગવાઇ

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂ. ૨૪,૦૨૨ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે, જે રાજ્યના અર્થતંત્રના કરોડરજ્જુ સમાન ખેડૂતોની સમૃદ્ધિ પ્રત્યેની સરકારની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે. "ખેડૂત સુખી તો જગત સુખી"ના મંત્રને સાર્થક કરતા આ બજેટમાં આધુનિક ખેતી, ટેકનોલોજીનો ઉપયોગ, અને મૂલ્યવર્ધન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ માતબર ફાળવણીનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતી ખર્ચ ઘટાડી, ઉત્પાદકતા વધારીને ખેડૂતોની આવક બમણી કરવાનો તેમજ પશુપાલન અને સહકાર ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો છે. પ્રાકૃતિક ખેતીથી લઈને સ્માર્ટ એગ્રીકલ્ચર સુધીના વિવિધ આયામોને આવરી લેતું આ બજેટ ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ લાવવા માટે સજ્જ છે. ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭માં સહકાર વિભાગ માટે કરવામાં આવેલી જોગવાઈઓ રાજ્યના સહકારી માળખાને વધુ મજબૂત અને પારદર્શક બનાવવાની દિશામાં એક મહત્વનું કદમ છે. "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને સાકાર કરવા માટે આ બજેટમાં મુખ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

### પાક કૃષિ વ્યવસ્થા

- રાજ્યમાં આવેલ પૂર અને કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાં મદદરૂપ થવા 33 લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતો માટે ₹૧૧૦૦૦ કરોડથી વધુનું કૃષિ રાહત પેકેજ.
- ખેડૂતોને વીજ સહાય આપવા ₹૮૩૨૪ કરોડની જોગવાઈ.
- નાના-સીમાંત ખેડૂતો માટે કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય માટે ₹૧૫૬૫ કરોડની જોગવાઈ.
- સૂક્ષ્મ સિંચાઈ માટે ₹૧૨૫૦ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર ખરીદી સહાય માટે ₹૮૦૦ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય માટે ₹૭૬૫ કરોડની જોગવાઈ.
- નાના ગોડાઉન બનાવવા "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના" અંતર્ગત અંદાજિત ૧૫ હજાર ૪૩૬ ખેડૂતોને ₹૧ લાખ સહાય આપવા ₹૧૫૪ કરોડની જોગવાઈ.
- ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં ₹૪ લાખ સુધીનું વીમા રક્ષણ આપવા માટે ₹૧૪૬ કરોડની જોગવાઈ.

અદ્યતન ડ્રોન ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રીપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા માટે ₹૭૭ કરોડની જોગવાઈ.

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઉભા કરવા, બજાર સુવિધા ઉપલબ્ધ કરાવવા, માર્કેટીંગ અને બ્રાન્ડ પ્રમોશન તથા હેન્ડ હોલ્ડીંગ અને સર્ટીફીકેશન સહાય માટે ₹૩૯ કરોડની જોગવાઈ.

ખેડૂત ખાતેદારને વિનામૂલ્યે સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવા મુખ્યમંત્રી સોઈલ હેલ્થ અભિયાન માટે ₹૧૪ કરોડની જોગવાઈ.

ડાંગર, કઠોળ પાક, તેલીબિયાં પાક, ફાર્મ મિકેનાઈઝેશન, વેલ્યુ એડીશન અને એગ્રો પ્રોસેસીંગ માટેના છ (૬) સેન્ટર ઓફ એક્સેલન્સ કેન્દ્રો ઉભા કરવા ₹૧૨ કરોડની જોગવાઈ.

જમીનમાં ઓર્ગેનિક કાર્બનનો વધારો થાય તે હેતુસર ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોર અને લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોરના ઉપયોગને પ્રોત્સાહન આપવા ₹૧૦ કરોડની જોગવાઈ.

## પાક કૃષિ વ્યવસ્થા અને શિક્ષણ

બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ ₹૭૯૮ કરોડની જોગવાઈ.

ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમથી ખેડૂતોની આવક વધારવા ₹30 કરોડની જોગવાઈ.

રાઈઝોમેટીક (આદુ અને હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ માટે ₹૧૨ કરોડની જોગવાઈ.

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ જામનગર, ભુજ અને ખેડબ્રહ્મા ખાતેની કોલેજોમાં માળખાકીય સુવિધા ઉભી કરવા તેમજ કૃષિ યુનિવર્સિટીઓના આધુનિકીકરણ, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે ₹૧૦૬૩ કરોડની જોગવાઈ.

પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃત્તિઓ માટે ₹૩૯૨ કરોડની જોગવાઈ.

## પશુપાલન

“મુખ્યમંત્રી ગૌમાતા પોષણ” યોજના અંતર્ગત ₹૫૦૦ કરોડની જોગવાઈ.

કામધેનુ યુનિવર્સિટીના પશુ વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનની વિવિધ યોજનાઓ માટે ₹૪૨૪ કરોડની જોગવાઈ.

ગાભણ પશુ અને વિયાણ થયેલ પશુ માટે ખાણદાણ સહાયની યોજનામાં કુલ ૧ લાખ ૫૩ હજાર લાભાર્થીઓ આવરી લેવા ₹૬૧ કરોડની જોગવાઈ.

રાજ્યમાં ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે ₹૫૬ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે ₹૫૨ કરોડની જોગવાઈ.

દરેક જિલ્લાની “પશુ કલ્યાણ સમિતિ” ને સહાય માટે ₹૩૪ કરોડની જોગવાઈ.

મોટા દુધાળા પશુના ડેરી ફાર્મ માટે ₹૩૨ કરોડની જોગવાઈ.

કામધેનુ યુનિવર્સિટી હેઠળ ભુજ અને હિંમતનગર ખાતેની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયનાં સુદ્રઢીકરણ માટે ₹૧૮ કરોડની જોગવાઈ.

ખેડૂતો-પશુપાલકોને સુધારેલ જાતના બિયારણ મીનીકીટ પૂરી પાડવા અને ચાફકટરની ખરીદી પર સહાય આપવા ₹૧૬ કરોડની જોગવાઈ.

સેક્સડ સીમેન ડોઝના ઉત્પાદન માટે ₹૧૩ કરોડની જોગવાઈ.

પશુઓમાં વંધ્યત્વ નિવારણ માટેના કેમ્પ આયોજિત કરવા ₹૧૩ કરોડની જોગવાઈ.

મરઘાં પાલન માટે આર.આઈ.આર. પક્ષી એકમ અને બ્રોઈલર પક્ષી ફાર્મ માટે સહાય આપવા ₹૧૨ કરોડની જોગવાઈ.

પાડી-વાછરડી ઉછેર માટે સહાય પૂરી પાડવા ₹૧૨ કરોડની જોગવાઈ.

બકરા એકમ સહાય માટે કુલ ₹૧૧ કરોડની જોગવાઈ.



પશુઓમાં ગર્ભધારણનું નિદાન કરવા Rapid Test Kit માટે ₹૧૦ કરોડની જોગવાઈ.

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન મહુવા-ભાવનગર ખાતે મત્સ્ય વિજ્ઞાન માટે ₹૯ કરોડની જોગવાઈ.

દુધાળાં પશુના વીમાનાં પ્રીમિયમ પર સહાય માટે ₹૬ કરોડની જોગવાઈ.

કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા જોગવાઈ.

સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહન આપવા જોગવાઈ.

પશુપાલકોને પશુમાં IVFથી ગર્ભધારણ માટેની સહાય આપવા જોગવાઈ.

ઉકાઈ ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન એક્વાકલ્ચર, મોનોસેક્સ તીલાપીયા હેચરીની સ્થાપના માટેનું આયોજન.

## સહકાર વિભાગ

સમયસર ચુકવણી કરનાર કિસાન ક્રેડિટ કાર્ડના લાભાર્થીઓને ₹૩ લાખ સુધી ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ આપવા માટે ₹૧૫૩૯ કરોડની જોગવાઈ.

સહકારી મંડળીઓને બહુહેતુક કાર્યક્ષમ બનાવવા માટે અનાજ સાંગ્રહથી લઈને રાજ્યના ૪ ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના કરવા માટે ₹૧૧૨ કરોડની જોગવાઈ.

ગોડાઉન નિર્માણ યોજના અંતર્ગત મંડળીઓ અને સંઘોને સહાય માટે ₹30 કરોડની જોગવાઈ.

પેક્સ દ્વારા ગોડાઉન નિર્માણ માટે સહાય આપવા ₹૨૧ કરોડની જોગવાઈ.

ખાંડ સહકારી મંડળીઓને લોન પર વ્યાજ સહાય આપવા 'સાકર' યોજના અંતર્ગત સામાન્ય અને આદિજાતિ વિસ્તારો માટે કુલ ₹૨૦ કરોડની જોગવાઈ.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹૨૪,૦૨૨ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે, જે રાજ્યના ગ્રામીણ અર્થતંત્રના સર્વાંગી વિકાસ માટેની સરકારની મક્કમ નેમ દર્શાવે છે. આ જોગવાઈઓ અંતર્ગત પૂર અને કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે ₹૧૧,૦૦૦ કરોડનું રાહત પેકેજ, કિસાન ક્રેડિટ કાર્ડ પર ઝીરો ટકા વ્યાજે ધિરાણ અને ખેતીના આધુનિકીકરણ માટે ડ્રોન તેમજ યાંત્રિકીકરણમાં કરાયેલી ફાળવણી ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ખાસ કરીને, 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' માટે ₹૫૦૦ કરોડ અને પશુ સારવાર તેમજ સંશોધન માટે ફાળવવામાં આવેલ માતબર રકમ પશુપાલન ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

બનાસકાંઠાના લાખો પશુપાલકોના હિતને વરેલી બનાસ ડેરી, સરકારના આ ખેડૂતલક્ષી અને પશુપાલકલક્ષી અભિગમને હૃદયપૂર્વક બિરદાવે છે. પશુપાલકોને ખાણદાણ સહાય, ગાભણ પશુઓની સંભાળ અને આધુનિક પશુચિકિત્સા જેવી સેવાઓ માટે કરાયેલી જોગવાઈઓ બદલ બનાસ ડેરી પરિવાર તમામ પશુપાલકો વતી ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરે છે. સહકારી મંડળીઓ માટે ગોડાઉન નિર્માણ અને બાયો સીએનજી પ્લાન્ટ જેવી સવલતો પશુપાલકો અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે.



# છત્તીસગઢનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ બનાસ ડેરીની મુલાકાતે: સહકારથી સમૃદ્ધિનો નવો રાહ



**છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી શ્રી વિજય શર્મા અને વન મંત્રી શ્રી કેદાર કશ્યપ દ્વારા બનાસ ડેરીની વિશેષ મુલાકાત.**

**50 સભ્યોના પ્રતિનિધિમંડળ (પશુપાલકો અને બિહાન દીદીઓ) સાથે આધુનિક ડેરી વ્યવસ્થાપનનું નિરીક્ષણ.**

**જરાતના સહકારી મોડેલ દ્વારા છત્તીસગઢના ગ્રામીણ પશુપાલકો અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ.**

એશિયાની સૌથી મોટી બનાસ ડેરી આધુનિક કાર્યપ્રણાલી અને શ્વેત ક્રાંતિના મોડેલ માટે વિશ્વભરમાં જાણીતી છે. તાજેતરમાં છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ શર્મા અને વન, પર્યાવરણ તથા સહકારિતા મંત્રી શ્રી કેદારભાઈ કશ્યપએ બનાસ ડેરીના વિવિધ એકમોની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના સફળ સહકારી મોડેલને સમજીને છત્તીસગઢના પશુપાલકો અને મહિલા સ્વ-સહાય જૂથો (બિહાન દીદીઓ) માટે પ્રગતિના નવા દ્વાર ખોલવાનો હતો.






## આધુનિક ટેકનોલોજી અને પ્લાન્ટનું નિરીક્ષણ

મુલાકાતના પ્રારંભે મહાનુભાવોએ પાલનપુર મુખ્ય પ્લાન્ટમાં ચીઝ, UHT (અલ્ટ્રા હાઈ ટેમ્પરેચર) અને પ્રોટીન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અહીં તેમણે દૂધમાંથી બનતી વિવિધ બનાવટોમાં વપરાતી અત્યાધુનિક ઓટોમેટિક મશીનરી અને પેકેજિંગ પ્રક્રિયા વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. ત્યારબાદ બાદરપુરા ખાતે ફૂડ કોમ્પ્લેક્સ, બનાસ ઓઈલ મિલ, આટા પ્લાન્ટ, મધ પ્લાન્ટ અને બાળકો માટે પૌષ્ટિક આહાર તૈયાર કરતા 'ટેક હોમ રાશન' (THR) પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. આ એકમોમાં ખેતપેદાશોના મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવક કેવી રીતે વધારી શકાય તેનું પ્રત્યક્ષ માર્ગદર્શન મેળવ્યું હતું.

પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ સમજવા માટે આ પ્રતિનિધિ મંડળે ખીમાણા ખાતે લિક્વિડ બાયો ફર્ટિલાઈઝર લેબ અને રૈયામાં એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ (ભ્રૂણ પ્રત્યારોપણ) લેબની મુલાકાત લીધી હતી. આ લેબોરેટરીઓમાં પશુઓની ઓલાદ સુધારણા અને જૈવિક ખાતરના ઉત્પાદન અંગેની ટેકનોલોજી વિશે જાણકારી મેળવી હતી. સણાદર સ્થિત નવા ડેરી પ્લાન્ટમાં તેમણે એશિયાના સૌથી મોટા બટાકાના પ્રોસેસિંગ યુનિટ તેમજ આઈસ્ક્રીમ અને ચોકલેટ પ્લાન્ટની કાર્યશૈલી નિહાળી હતી. અહીં બટાકામાંથી બનતી ફ્રેન્ચ ફ્રાઈસ અને અન્ય વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સના વૈશ્વિક બજાર વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

ગામડાના સ્તરે સહકારિતાનું મોડેલ નિહાળવા માટે આ ટીમે લુણવા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મુલાકાત લીધી હતી. અહીં છત્તીસગઢની બહેનોએ બનાસકાંઠાની પશુપાલક બહેનો સાથે સંવાદ કરી દૂધ મંડળીના વહીવટ અને આર્થિક સ્વાવલંબન વિશે પ્રેરણા મેળવી હતી. આ ઉપરાંત, બનાસ મેડિકલ કોલેજ, મોરિયાની મુલાકાત કરીને ખેડૂતો દ્વારા બનાવવામાં આવેલ આ સંસ્થા અંગે માહિતી મેળવી હતી તેમજ આગથળા ખાતે છાણમાંથી બાયો-CNG બનાવતા પ્લાન્ટ અને થરાદમાં જમીન પરીક્ષણ માટેની સોઈલ લેબોરેટરીની મુલાકાત લઈને પર્યાવરણની જાળવણી સાથે થતી પ્રગતિ નિહાળી હતી. પ્રવાસના અંતિમ ચરણમાં શક્તિપીઠ અંબાજી અને ગબ્બર ખાતે દર્શન કરી સૌએ આધ્યાત્મિક ધન્યતા અનુભવી હતી.

આ મુલાકાત દરમિયાન બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પો નિહાળ્યા બાદ નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રભાવશાળી નિવેદન આપતા આ મોડેલને દેશ માટે પથદર્શક ગણાવ્યું હતું. બનાસ ડેરીની મુલાકાત બાદ પોતાનો અનુભવ શેર કરતા નાયબ મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, "બનાસકાંઠાની ધરતી પર સહકારિતાના જે દર્શન થયા છે તે અદભૂત છે. બનાસ ડેરી માત્ર દૂધ એકત્રિત કરવાનું કેન્દ્ર નથી, પરંતુ તે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાનું એક જીવંત ઉદાહરણ છે. ખાસ કરીને ટેકનોલોજી અને પશુપાલનનો જે સમન્વય અહીં જોવા મળ્યો છે, તે છત્તીસગઢના પશુપાલકો માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. અમે અહીંની શ્રેષ્ઠ પદ્ધતિઓને છત્તીસગઢમાં અમલી બનાવવા માટે કટિબદ્ધ છીએ. આ પ્રવાસ માત્ર અવલોકન નથી, પણ શીખવાની તક છે. અમે ઈચ્છીએ છીએ કે છત્તીસગઢના પશુપાલકો પણ આધુનિક ટેકનોલોજી અપનાવીને આત્મનિર્ભર બને."

નાયબ મુખ્યમંત્રી શ્રી વિજય શર્માએ સોશિયલ મીડિયા પર આ મુલાકાતના અનુભવો શેર કરતા લખ્યું હતું કે, બનાસ ડેરી અને સુઝુકીના સહયોગથી સ્થાપિત બાયો-સીએનજી (CBG) પ્લાન્ટ પર્યાવરણ સુરક્ષા અને ગ્રામીણ સમૃદ્ધિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. અહીં ગોબરમાંથી સ્વચ્છ ઉર્જા અને જૈવિક ખાતર બનાવવાની પ્રક્રિયા જોઈને તેમણે આ પહેલને "ગોબરથી ધન" મેળવવાની દિશામાં ક્રાંતિકારી ગણાવી હતી.

વન, પર્યાવરણ તથા સહકારિતા મંત્રી શ્રી કેદારભાઈ કશ્યપજીએ જણાવ્યું હતું કે "જો ડેરી સહકારી મોડેલ છત્તીસગઢમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવે, તો ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થશે અને રોજગારીની નવી તકો ઉભી થશે."

## પશુપાલકો અને 'બિહાન દીદીઓ' સાથે આત્મીય સંવાદ

આ મુલાકાતમાં છત્તીસગઢના બસ્તર અને કબીરધામ જિલ્લાના ૨૫ પશુપાલકો અને ૨૫ 'બિહાન' (NRLM) જૂથની બહેનો સહિત ૫૦ સભ્યોનું દળ સામેલ હતું. નાયબ મુખ્યમંત્રી અને મંત્રીશ્રીએ આ પશુપાલકો સાથે બેસીને ભોજન લીધું હતું અને તેમને આ પ્રવાસમાંથી શીખેલી બાબતોને પોતાના રાજ્યમાં અમલી બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. બનાસ ડેરીની આ મુલાકાત છત્તીસગઢ અને ગુજરાત વચ્ચે સહકારિતાના ક્ષેત્રમાં એક નવા અધ્યાયની શરૂઆત સાબિત થશે, જેનો સીધો લાભ લાખો પશુપાલકો અને મહિલાઓને મળશે.



# સહકારથી સમૃદ્ધિની મિસાલ: હરિયાણા અને મહારાષ્ટ્રના વિધાનગૃહના અધ્યક્ષોએ નિહાળ્યું બનાસનું સહકારી મોડેલ



બનાસકાંઠાની સહકારી શક્તિ આજે માત્ર ગુજરાત પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણાનું કેન્દ્ર બની છે. તાજેતરમાં હરિયાણા વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી હરવિંદર કલ્યાણજી અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના માનનીય સભાપતિ શ્રી રામ શિંદેજીએ બનાસકાંઠાની મુલાકાત લઈ અહીંના સહકારી વિકાસ અને પશુપાલકોની આર્થિક સમૃદ્ધિની યાત્રાને પ્રત્યક્ષ નિહાળી હતી. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આ મહાનુભાવોએ બનાસના અત્યાધુનિક પ્રકલ્પો અને પશુપાલકો સાથે સીધો સંવાદ કરી 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને જમીની સ્તરે ચરિતાર્થ થતો જોયો હતો. આ પ્રવાસની શરૂઆત શક્તિપીઠ અંબાજી ખાતે મા અંબાના દર્શન અને આશીર્વાદ સાથે કરવામાં આવી હતી, ત્યારબાદ મહેમાનોએ બનાસકાંઠાના મજબૂત સહકારી માળખાની ઊંડી સમજ મેળવી હતી.

મુલાકાત દરમિયાન મહેમાનોએ વડગામ તાલુકાના મુમનવાસ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ દૂધ સંગ્રહથી લઈને પશુપાલકોના બેંક ખાતામાં સીધા જમા થતા નાણાંની પારદર્શક ટેકનોલોજી આધારિત પ્રક્રિયા નિહાળી હતી. આ ઉપરાંત, જલોતરા સ્થિત બનાસ ડેરીના ઉમંગ મોલની વ્યવસ્થાઓ જોઈ મહેમાનો પ્રભાવિત થયા હતા. સહકારી મંડળીના પદાધિકારીઓ સાથેની બેઠકમાં તેઓએ ગ્રામીણ ઉદ્યમિતા, ખેડૂતોની આવકમાં વૃદ્ધિ અને સહકારી મોડેલના સફળ સંચાલન અંગે વિગતવાર ચર્ચાઓ કરી હતી. બનાસના આ મોડેલે સાબિત કર્યું છે કે ટેકનોલોજી અને સહકારનો સમન્વય ગ્રામીણ અર્થતંત્રમાં કેવું ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે.



મહાનુભાવોએ જિલ્લાના વિવિધ પ્રકલ્પો જેવા કે આલુ પ્રોસેસિંગ યુનિટ, બાયો-સીએનજી પ્લાન્ટ, પશુ આહાર પ્લાન્ટ, મધ પ્રોસેસિંગ યુનિટ અને વ્હે પાવડર પ્લાન્ટનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પાલનપુર મુખ્ય ડેરી કેમ્પસમાં દૂધેશ્વર મહાદેવના દર્શન કર્યા બાદ મહેમાનોએ અત્યાધુનિક ચીઝ પ્લાન્ટ અને અન્ય એકમોની કાર્યપ્રણાલી નિહાળી હતી. આ ઉપરાંત બાદરપુરા ખાતેના ઓઈલ મિલ, પોટેટો ટિશ્યુ કલ્ચર અને બનાસ ફૂડલેન્ડ મોડેલની મુલાકાત લીધી હતી. દામા ખાતેના સીમેન સ્ટેશન અને આગથળા ખાતેના બાયો-ફર્ટિલાઈઝર પ્લાન્ટની મુલાકાત દરમિયાન મહેમાનોએ ખેતી અને પશુપાલનમાં થઈ રહેલા સંશોધનોની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

પ્રવાસના અંતે હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ શ્રી હરવિંદર કલ્યાણ જીએ જણાવ્યું હતું કે બનાસકાંઠાની સહકારી વ્યવસ્થા મૂલ્યવર્ધન અને રોજગારી સર્જનના ક્ષેત્રમાં સમગ્ર દેશ માટે એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડે છે. તેઓએ આ સફળ મોડેલનો અભ્યાસ કરી હરિયાણામાં પણ આવા આદાન-પ્રદાનની શક્યતાઓ ચકાસવા પર ભાર મૂક્યો હતો. સમગ્ર પ્રવાસ દરમિયાન મહેમાનોએ બનાસ ડેરીના મેનેજમેન્ટ, ટેકનિકલ કાર્યક્ષમતા અને હજારો પશુપાલકોની સક્રિય ભાગીદારીને બિરદાવી હતી, જે ખરેખર ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે ગૌરવની વાત છે.



# સહકારથી સમૃદ્ધિ: આસામ વિધાનસભાના અધ્યક્ષ શ્રી બિશ્વજીત દૈમારીજીની બનાસ ડેરીની મુલાકાત

સહકારના ક્ષેત્રમાં એશિયાની અગ્રણી સંસ્થા, બનાસ ડેરી (બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.) ની સફળતાનો ગુંજારો હવે પૂર્વોત્તર ભારત સુધી પહોંચ્યો છે. આ અંતર્ગત, આસામ વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી બિશ્વજીત દૈમારીજીએ બનાસ ડેરીના અત્યાધુનિક પ્લાન્ટ્સની મુલાકાત લીધી હતી. તેઓની સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ્સ અને પ્રોજેક્ટ્સની મુલાકાત લઈ સહકારી ક્ષેત્રે થઈ રહેલા નવતર પ્રયોગો વિશે તેઓને માહિતગાર કર્યા. તેમની આ મુલાકાત માત્ર એક ઔપચારિક મુલાકાત નહોતી, પરંતુ તે 'શ્વેત ક્રાંતિ'ના ગુજરાત મોડેલને આસામની ધરતી પર ઉતારવાના સંકલ્પનું પ્રતીક પણ બની રહી.



મુલાકાત દરમિયાન શ્રી દૈમારીજીએ ડેરીના વિશાળ અને આધુનિક પ્રોસેસિંગ પ્લાન્ટ્સનું ઊંડાણપૂર્વક અવલોકન કર્યું હતું. તેમણે ખાસ કરીને એ વાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કે કેવી રીતે બનાસ ડેરી હજારો ગામોના લાખો પશુપાલકોને એક તાંતણે બાંધીને તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવી રહી છે. તેમણે ડેરીના ઓટોમેશન, દૂધ સંકલનની પારદર્શક પ્રક્રિયા અને પશુ આહાર પ્લાન્ટ્સની કાર્યપ્રણાલીના મુક્ત કંઠે વખાણ કરતા તેને ગ્રામીણ વિકાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવ્યું હતું.

આસામમાં ડેરી ક્ષેત્રની અપાર સંભાવનાઓને જોતા, શ્રી દૈમારીજીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે બનાસ ડેરીનું સહકારી મોડેલ આસામના ખેડૂતો માટે 'ગેમ-ચેન્જર' સાબિત થઈ શકે છે. ચર્ચા દરમિયાન તેમણે આસામના સ્થાનિક દૂધ ઉત્પાદકોને તકનીકી સહાય અને તાલીમ પૂરી પાડવાની શક્યતાઓ પર પણ વિચાર-વિમર્શ કર્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બનાસ ડેરીના માર્ગદર્શન અને સહયોગથી આસામમાં પણ દૂધ ઉત્પાદન ક્ષેત્રે નવી ક્રાંતિ આવશે, જેનાથી માત્ર રોજગારીની તકો જ નહીં વધે પરંતુ ખેડૂતોની આવકમાં પણ અભૂતપૂર્વ વધારો થશે. આ મુલાકાત ભવિષ્યમાં 'અમૂલ' અને 'બનાસ'ની કાર્યસંસ્કૃતિને પૂર્વોત્તર ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ સાથે જોડવા માટેનો એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.






# નેશનલ મિલ્ક ડેના વિજેતા સ્પર્ધકો માટે અમૂલ ડેરી, આણંદનો પ્રેરણાદાયી શૈક્ષણિક પ્રવાસ

બનાસ ડેરી દ્વારા નેશનલ મિલ્ક ડે નિમિત્તે પાલનપુર અને સણાદર પ્લાન્ટ ખાતે આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે જાન્યુઆરી ૨૦૨૬માં અમૂલ ડેરી, આણંદની એક વિશેષ એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય સ્પર્ધકોને ડેરી ઉદ્યોગના ગૌરવશાળી ઇતિહાસ અને આધુનિક કાર્યપદ્ધતિથી માહિતગાર કરવાનો હતો. પ્રવાસ દરમિયાન સહભાગીઓએ અમૂલ ડેરી, કૈરાની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ડેરી ઓપરેશન્સ અને શ્રેષ્ઠ વ્યવસ્થાપન પદ્ધતિઓ વિશે પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી. ત્યારબાદ ડૉ. વર્ગીસ કુરિયન મ્યુઝિયમની મુલાકાત લેવામાં આવી હતી, જેણે શ્વેત ક્રાંતિના પ્રણેતાના જીવન, તેમના વિઝન અને અમૂલના નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાન વિશે સૌને પ્રેરિત કર્યા હતા.

આ શૈક્ષણિક પ્રવાસનું મુખ્ય આકર્ષણ અમૂલ ચોકલેટ ફેક્ટરીની મુલાકાત રહી હતી, જ્યાં વિજેતાઓએ અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા ચોકલેટ ઉત્પાદનની પ્રક્રિયા નિહાળી હતી. આ મુલાકાત માત્ર જોવાની મર્યાદાથી આગળ વધીને જ્ઞાનવર્ધક પણ રહી હતી, કારણ કે અમૂલના આઈ.ટી. અને ઓપરેશન્સ હેડ દ્વારા એક ખાસ ઇન્ટરેક્ટિવ પ્રેઝન્ટેશન સેશન રાખવામાં આવ્યું હતું. આ સત્રમાં સહભાગીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ટેકનોલોજીનું જોડાણ, ઓપરેશનલ એક્સલન્સ અને નેતૃત્વની શૈલીઓ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને અનેક પ્રશ્નો પૂછીને પોતાનું જ્ઞાન સમૃદ્ધ કર્યું હતું.

પ્રવાસના અંતિમ ચરણે અમૂલ ગેસ્ટ હાઉસ ખાતે લંચનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં તમામ વિજેતાઓએ હળવા વાતાવરણમાં એકબીજા સાથે દિવસભરના અનુભવો અને શીખેલા પાઠોનું આદાન-પ્રદાન કર્યું હતું. એકંદરે, આ પ્રવાસ અત્યંત ઇન્ટરેક્ટિવ અને શૈક્ષણિક સાબિત થયો હતો, જેણે સહભાગીઓને અમૂલની સફર અને તેના મૂલ્યોની ઊંડી સમજ આપી હતી. બનાસ ડેરીની એચ.આર. ટીમ દ્વારા નેશનલ મિલ્ક ડેના વિજેતાઓની સિદ્ધિઓને બિરદાવવા માટે કરવામાં આવેલું આ આયોજન ખરેખર સરાહનીય અને યાદગાર બની રહ્યું હતું.




# બનાસ ડેરી ખાતે 'ફાયરલેસ કુકિંગ' સ્પર્ધાનું ભવ્ય આયોજન: કર્મચારીઓએ સર્જનાત્મકતાનો પરિચય કરાવ્યો

એશિયાની સૌથી મોટી ડેરી ગણાતી આપણી બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પણ પોતાના કર્મચારીઓની આંતરિક શક્તિઓને ખીલવવામાં પણ હંમેશા અગ્રેસર રહી છે. તાજેતરમાં બનાસ ડેરી, પાલનપુર ખાતે એક અનોખી 'Fireless Cooking Competition' (અગ્નિ વિનાની રસોઈ સ્પર્ધા) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓએ ગેસ કે અગ્નિનો ઉપયોગ કર્યા વગર સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.





### સર્જનાત્મકતા અને સ્વાદનો અદ્ભૂત સમન્વય

આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓમાં રહેલી રસોઈકળાને પ્રોત્સાહન આપવા સાથે તેમની સર્જનાત્મકતાને બહાર લાવવાનો હતો. સ્પર્ધામાં વિવિધ વિભાગના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આધુનિક જીવનશૈલીમાં હેલ્ધી અને ઝડપી વાનગીઓ કેવી રીતે બનાવી શકાય, તેનું જીવંત ઉદાહરણ અહીં જોવા મળ્યું હતું.

### ટીમ સ્પિરિટનું ઉત્તમ પ્રદર્શન

કાર્યક્રમ દરમિયાન માત્ર વાનગીઓ જ નહીં, પણ કર્મચારીઓ વચ્ચેનો પરસ્પર સહયોગ અને ટીમ સ્પિરિટ પણ ઉડીને આંખે વળગતા હતા. દરેક સ્પર્ધકે પોતાની વાનગીને સુંદર રીતે સજાવીને (Garnishing) રજૂ કરી હતી, જે તેમની ઝીણવટભરી કળા દર્શાવે છે.આ પ્રકારના આયોજનોથી કર્મચારીઓને રોજિંદા કાર્યભારમાંથી મુક્તિ મળે છે અને તેમનામાં નવો ઉત્સાહ તથા આત્મવિશ્વાસ પેદા થાય છે.

આ કાર્યક્રમે સાબિત કરી દીધું કે બનાસ ડેરીના કર્મચારીઓ માત્ર ટેકનિકલ ક્ષેત્રે જ નહીં, પણ રસોઈ જેવી કળામાં પણ માહેર છે. આ સફળ આયોજન બદલ તમામ સહભાગીઓ અને આયોજકો અભિનંદનને પાત્ર છે.



"

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી હંમેશા ખેડૂતોની પડખે અડીખમ ઊભા રહ્યા છે. કોઈપણ વૈશ્વિક દબાણ સામે ઝૂક્યા વગર, તેમણે દરેક પરિસ્થિતિમાં ખેડૂતોના હિતોને સર્વોપરી રાખ્યા છે. લાખો પશુપાલકો વતી, તેમના હિત અને સન્માનની રક્ષા કરવા બદલ હું હૃદયપૂર્વક વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરું છું.**

"

**શ્રી શંકરભાઈ ચૌધરી**
ચેરમેનશ્રી, બનાસ ડેરી



# સહકારના શિખર અને પશુપાલકોના તારણહાર: સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ

તાજેતરમાં બનાસ ડેરી સંકુલ, પાલનપુર ખાતે બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૧૦૮મી જન્મજયંતીની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી તેમના સંઘર્ષમય અને પ્રેરણાદાયી જીવનને યાદ કરવામાં આવ્યું હતું. ડેરીના કર્મચારીઓ અને પશુપાલકોએ પણ ભાવભીની અંજલિ આપી ગલબાકાકાના ચરણોમાં વંદન કર્યાં હતા.

**સહકાર, સેવા અને સંઘર્ષનો ત્રિવેણી સંગમ**

ગલબાકાકાનું જીવન એટલે સેવા અને સંઘર્ષની જીવંત પાઠશાળા. બનાસકાંઠા જેવા પછાત અને રણની કાંધીએ આવેલા જિલ્લામાં પશુપાલકોને આર્થિક આઝાદી અપાવવાનું સ્વપ્ન જોવું એ સમયે અશક્ય લાગતું હતું. પરંતુ, ગલબાકાકાએ અથાક પરિશ્રમ અને નિઃસ્વાર્થ ભાવે 'સહકાર'નું જે બીજ રોપ્યું, તે આજે એક વિરાટ વટવૃક્ષ બની ચૂક્યું છે.

**પશુપાલકોની સમૃદ્ધિના દ્વાર ખોલનાર મહામાનવ**

બનાસ ડેરી માત્ર એક દૂધ ડેરી નથી, પણ લાખો પરિવારોની જીવાદોરી છે. ગલબાકાકાએ પશુપાલકોને વચેટિયાઓના શોષણમાંથી મુક્ત કરી, તેમના દૂધનું યોગ્ય મૂલ્ય અપાવવા માટે જે ભગીરથ કાર્ય કર્યું, તેનો લાભ આજે ગુજરાત જ નહીં પણ દેશના અન્ય રાજ્યોના પશુપાલકોને પણ મળી રહ્યો છે.

આજે બનાસકાંઠાના અંતરિયાળ ગામડાઓમાં ગૃહિણીઓ આર્થિક રીતે સક્ષમ બની છે, તેનો શ્રેય ગલબાકાકાની દૂરદ્રષ્ટિને જાય છે. તેમણે શીખવ્યું કે એકલદોકલ માણસ ભલે નબળો હોય, પણ જો સહકારના તાંતણે બંધાય તો આખું વિશ્વ બદલી શકે છે.

**વારસો જે આપણને દોરે છે**

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આજે બનાસ ડેરી નવી ઊંચાઈઓ સર કરી રહી છે, જેનો પાયો ગલબાકાકાએ મજબૂતીથી નાખ્યો હતો. ગલબાકાકાના મૂલ્યો—પ્રામાણિકતા, સખત મહેનત અને છેવાડાના માનવીની ચિંતા—આજે પણ સંસ્થાના દરેક સ્તરે ધબકે છે. ગલબાકાકા ભૌતિક રીતે આપણી વચ્ચે નથી, પરંતુ લાખો પશુપાલકોના રસોડામાં સળગતો દીવો અને બાળકોના શિક્ષણમાં દેખાતી ખુશી એ જ ગલબાકાકાની સાચી હાજરી છે.



**"જેમણે શૂન્યમાંથી સર્જન કર્યું અને બનાસકાંઠાના પશુપાલકોના જીવનમાં શ્વેતક્રાંતિનો ઉજાસ પાથર્યો, એવા સહકાર પુરુષ ગલબાકાકાને તેમની ૧૦૮મી જન્મજયંતી પર કોટિ કોટિ વંદન."**



**આવો, આપણે સૌ સાથે મળીને ગલબાકાકાના વિચારોને વધુ પ્રબળ બનાવીએ અને બનાસકાંઠાને સહકારના માધ્યમથી સુવર્ણકાળ તરફ લઈ જઈએ.**

**ધન્ય ધરા બનાસની, ધન્ય છે ગલબાકાકા!**



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" નો મંત્ર આજે બનાસ ડેરીના આંગણે સાચા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે. બનાસકાંઠાના લાખો પશુપાલકોના સહિયારા પુરુષાર્થ અને અતૂટ વિશ્વાસને કારણે જ આ શ્વેતક્રાંતિ નવી ઊંચાઈઓ સર કરી રહી છે.**

**શ્રી શંકરભાઈ ચૌધરીના કુશળ અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા નેતૃત્વમાં બનાસ ડેરી આજે છેવાડાના માનવી સુધી આર્થિક સમૃદ્ધિ પહોંચાડી રહી છે. પીએમ મોદીજીના વિઝનને સાકાર કરતા શંકરભાઈના માર્ગદર્શન હેઠળ, 'સહકારથી સમૃદ્ધિ'ના પથ પર બનાસ ડેરી વિકાસનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બની છે.**

**શ્રી હરવિંદર કલ્યાણ જી**
અધ્યક્ષ, હરિયાણા વિધાનસભાના



# બનાસ ડેરી: ગ્રામીણ અર્થતંત્રના પરિવર્તનનું શક્તિશાળી મોડેલ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરીની મહિલા પશુપાલકોએ વર્ષે રૂ. ૧ કરોડ થી વધુની આવક મેળવીને પશુપાલનને એક 'બિઝનેસ મોડેલ' બનાવ્યું છે.**
**પશુપાલન હવે માત્ર વ્યવસાય નથી, પણ ગ્રામીણ અર્થતંત્રના પરિવર્તનનું સૌથી શક્તિશાળી માધ્યમ છે.**





